# Lokmitra

## Skipper Limited announces its arrival in Gujarat with its new manufacturing facil

India Media Monitor

**Date: 15/04/2015 | Edition: Ahmedabad | Page: 3 | Source: Bureau | Clip size (cm): W: 10 H: 16**

**Clip: 1 of 1**

# સ્કીપર લિ.નાં પીવીસી પાઈપ્સના નવા ઉત્પાદન એકમની ગુજરાતમાં શરૂઆત

**અમદાવાદ,** ભારતમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન (ટીએન્ડડી) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વોટર ટ્રાન્સમિશન સેક્ટર્સમાં ટોચની ત્રણ કંપનીઓમાંની એક સ્કિપર લિ. (બીએસઈ : ૫૩૮૫૬૨)એ ગુજરાતમાં નવા પીવીસી પાઈપના ઉત્પાદન એકમ સાથે રાજ્યમાં તેના આગમનની જાહેરાત કરી છે. પૂર્વીય ભારતની બહાર વિસ્તરણ કરતાં સ્કિપર લિમિટેડનો નવો સેટેલાઈટ પ્લાન્ટ આંતરરાષ્ટ્રીય ધારાધોરણની પીવીસી પાઈપ્સની શ્રેષ્ઠ બ્રાન્ડ મારફત ગ્રાહકની નિકટતાની જરૂરિયાત પૂરી કરશે. પૂર્વીય ભારતમાં પીવીસી પાઈપ ઉત્પાદકોમાં અગ્રણી સ્થાન ધરાવતી કંપનીએ ગુજરાતમાં પગ મુકવા સાથે જળસંશાધન ઉદ્યોગમાં તેની મહત્વાકાંક્ષી યોજનામાં તેનું સૌપ્રથમ પગલુ ભર્યું છે.

કંપનીના પીવીસી કારોબારમાં ૧૦૦ ટકાની અસાધારણ વૃદ્ધિ અનુભવાઈ છે અને પૂર્વીય બજારમાં કંપની ૮ ટકા જેટલો નોંધપાત્ર બજારહિસ્સો ધરાવે છે. સ્કીપર રૂપિયાનું પૂરું વળતર પૂરું પાડતા ઉત્પાદન તરીકે જાણિતી છે અને તેનો વિશાળ વૈવિધ્યપૂર્ણ વેન્ડર બેઝ ઓછા ખર્ચે ઉદ્યોગની સૌથી શ્રેષ્ઠ ગુણવત્તાની પીવીસી પાઈપ્સના ઉત્પાદનમાં સિમાચિહ્નો સ્થાપિત કરે છે.

સ્કીપર લિ.ના ડિરેક્ટર શ્રી દેવેશ બંસલે જણાવ્યું હતું કે, 'ભારતીય પીવીસી પાઈપ્સ અને ફિટિંગ્સ બજાર નાણાકીય વર્ષ ૨૦૧૯ સુધીમાં રૂ. ૩૯૧ અબજનું થઈ જશે. તેમાં વાર્ષિક ૮-૧૦ ટકાની વૃદ્ધિ જોવા મળે છે. નવીનતાઓ અને અત્યાધુનિક ટેક્નોલોજીથી ઉત્પાદિત ઉત્પાદનો પર ચાલતી ખૂબ જ ઝડપથી વિકસી રહેલી કંપની તરીકે અમારો ધ્યેય અમારી મૂલ્ય વર્ધિત સ્પર્ધાત્મક વસ્તુઓ સાથે દેશમાં શક્ય એટલા વધુ ગ્રાહકો સુધી પહોંચવાનો છે.

સ્કીપર લિ.ના ડિરેક્ટર શ્રી સિદ્ધાર્થ બંસલે જણાવ્યું હતું કે, 'અમદાવાદમાં ૧૦,૦૦૦થી વધુ એમટીની ઉત્પાદન ક્ષમતા સાથે સ્કીપર ગુજરાતમાં સૌથી વધુ ઉત્પાદન કરતી ટોચની ત્રણ કંપનીઓમાં સ્થાન મેળવશે. આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના બજારમાં ૧૦ ટકા બજાર હિસ્સો કબજે કરવા પર અમારી નજર છે. આગામી કેટલાક વર્ષમાં વર્તમાન ઉત્પાદન ક્ષમતાને અંદાજે ૪૦,૦૦૦ એમટી સુધી લઈ જવાની કંપનીની યોજના છે. (૧૬)